# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/153 Dt. 24/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગુજરાત સ્કીમ ફોર અસિસ્ટન્સ ટુ સ્પેસિફિક સેકટર્સ ઓફ ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઈન– ૨૦૧૯ હેઠળ મંજૂર થયેલા દાવાઓની બાકી રકમ ચૂકવવા માટે નાણાંની ફાળવણી કરવા ચેમ્બર ઓફ કોમર્સની ગુજરાતના ઉદ્યોગ કમિશનરને લેખિતમાં રજૂઆત

## દિવાળી પૂર્વે વિવિધ ઔદ્યોગિક નીતિ હેઠળની સબસિડી ફાઇલોના બેકલોગ કલીયર થશે તો ઉદ્યોગકારોને ઘણી રાહત થશે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત સ્કીમ ફોર અસિસ્ટન્સ ટુ સ્પેસિફિક સેકટર્સ ઓફ ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઈન– ૨૦૧૯ હેઠળ મંજૂર થયેલા દાવાઓની બાકી રકમ ચૂકવવા માટે નાણાંની ફાળવણી કરવા ઉદ્યોગ કમિશનરને ગતરોજ લેખિતમાં રજૂઆત પાઠવવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ગુજરાતના ઉદ્યોગ કમિશનર શ્રી સ્વરૂપ પી. (IAS)ને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, દરેક વર્ષે દિવાળી પૂર્વે ઉદ્યોગ વિભાગ દ્વારા વિવિધ ઔદ્યોગિક નીતિ હેઠળની સબસિડી ફાઇલોના બેકલોગ કલીયર કરવામાં આવે છે, પરંતુ ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઈન– ૨૦૧૯ની સ્પેસિફિક સેકટર્સ માટેની સહાય યોજના હેઠળ ફેબ્રુઆરી ૨૦૨૫ બાદ મંજૂર થયેલા દાવાઓમાં હજુ સુધી કોઈ નાણાંની ફાળવણી કરવામાં આવી નથી.

ગુજરાતના ઉદ્યોગ કમિશનરને રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, ઉપરોકત સ્કીમ હેઠળ મંજૂર દાવાઓની બાકી રકમ આશરે રૂપિયા ૫૦૦ કરોડ જેટલી છે, આથી આ યોજનાના સંબંધિત ઉદ્યોગ સાહસિકોને નાણાં વહેલી તકે ફાળવી આપવામાં આવે, જેથી દિવાળી પૂર્વે આટલો મોટો બેકલોગ કલીયર કરી શકાય તેવી વિનંતિ ચેમ્બર દ્વારા કરવામાં આવી હતી.